પૂર્વછાયો- ખાનદેશ બુરાનપુરમાં, વસે હરિજન જેહ ।
સહાય કરી જેની સ્વામીએ, કહું સાંભળજ્યો હવે તેહ ॥૧॥
વિપ્ર એક દિવાનદાદો, સતસંગી નહિ સોય ।

જાણ્યે અજાણ્યે જમાડીયા, સંત તે સ્વામીના દોય ॥૨॥
બીજાં પુણ્ય તો બહુ કર્યાં, જન્મ ધરીને જેહ ।
તેહ ભેળું પુણ્ય આટલું, થયું અજાણ્યે એહ ॥૩॥
એમ કરતાં અવધિ તેનો, આવ્યો તે દેહનો અંત ।
અવશ્ય તેડવા આવિયા, મહા કરૂર તે કૃતાંત ॥૪॥

ચોપાઇ- અંતકાળે આવ્યા જમ જ્યારે, દિધું દાદાને દુઃખ તે વારે ।
જેજે જન્મ ધરી કર્યાં પાપ, તેતે સંભારી કર્યો સંતાપ ॥૫॥
દિઠા દાદે જમદૂત જ્યારે, દેવી દેવને સંભાર્યા ત્યારે ।
સંત મહંત સન્યાસી સોય, તેહ વિના જે સેવ્યાતા કોય ॥૬॥
એહ સર્વેને જોયા સંભારી, કહ્યું કોઇ હરો પીડા મારી ।
એહ માંહિલું એકે ન આવ્યું, તે વારે દાદે શિશ ડોલાવ્યું ॥૭॥
કહે હવે કરૂં હું શીપેર, કેણે સાય ન કરી આ વેર ।
એમ કહીને થયો નિરાશ, ત્યાં તો સંત દિઠા દોય પાસ ॥૮॥
કહે સંત સુણો જમદૂત, કેમ આવિયા આંહિ કપુત ।
જાઓ વેલા વેલા પાછા વળી, કેમ ઉભા રહ્યા છો સાંભળી ॥૯॥
ત્યારે બોલિયા જમના દૂત, ઠાલું શિદને કરો છો તુત ।
એહ જીવ કેદિ છે તમારો, સર્વે રીત્યે એ છે જો અમારો ॥૧૦॥
માટે જોર તમારે ન કરવું, જાઓ યાંથી આડું નવ ફરવું ।
એવો સંત ને જમનો વાદ, સુણે છે દાદો સર્વે સંવાદ ॥૧૧॥
ત્યારે સંત કહે જોશું અમે, લેઇ જાઓ જો લેવાય તમે ।
ત્યારે જમ કહે જોડી હાથ, તમે સુખે ચાલો અમ સાથ ॥૧૨॥
જાઇયે ધર્મરાયને જો પાસ, જ્યાં છે પાપ પુણ્યનો તપાસ ।
એનાં જોશે સુકૃત સંભાળી, હશે તમારા તો દેશે વાળી ॥૧૩॥
એમ કહી કાઢ્યો જીવ જ્યારે, થઇ સતી તેની નારી ત્યારે ।
તેનો જીવ આવી સંગે મળ્યો, નારી સહિત જમપુર પળ્યો ॥૧૪॥
ચાલ્યા સંત જમદૂત સાથ, ગયા જીયાં હતા જમનાથ ।
ધર્મે સંતનું સન્માન કીધું, પછી એ જીવનું ખત લીધું ॥૧૫॥

નહિ પુણ્ય ને પાપ અનંત, પુણ્ય એટલું જમ્યા બે સંત ।
કરી તેહ પુણ્યનો તપાસ, કહે ધર્મ જાઓ હરિપાસ ॥૧૬॥
પછી મહારાજ પાસળે લાવ્યા, સંત દોય તેહ સંગે આવ્યા ।
ત્યારે મહારાજ કહે સુણો જન, એણે આપ્યું છે તમને અન્ન ॥૧૭॥
માટે હમણાં સુરપુર જાશે, પછી વૈકુંઠનો વાસ થાશે ।
એમ કહી આપ્યા દોય હાર, પહેરી ચાલ્યાં પુરુષ ને નાર ॥૧૮॥
તે દિઠું સર્વે સમાધિવાને, વળી જે કહ્યું તે સુણ્યું કાને ।
જાગ્યા સમાધિમાંહિથી જ્યારે, આવી સર્વે કહી વાત ત્યારે ॥૧૯॥
કહે આજ થકી નવ વરષે, દાદો સતસંગમાં દેહ ધરશે ।
થાશે સતસંગી નારી ને નર, પછી જાશે તે બ્રહ્મ નગર ॥૨૦॥
એતો દિઠું છે અમારે નેણ, નથી જુઠું એમાં એકે વેણ ।
સહુ સાંભળી આશ્ચર્ય પામ્યાં, થયો પરચો કહી શિશ નામ્યાં ॥૨૧॥
વળી વણિક ભક્ત સુંદર, ભાઈ શામજી ને પીતાંબર ।
એહ બેઉ ભાઈ સતસંગી, તેનો ભાઈ વૈષ્ણવ કુસંગી ॥૨૨॥
નામ શોભારામ તે અનાડી, કરે સતસંગનો દ્રોહ દાડી ।
શામજી પીતાંબરને વારે, આવે સતસંગ માંહિ તો મારે ॥૨૩॥
એમ કરે અવળાઈ અતિ, કેનું કેણ ન માને કુમતિ ।
કરે નિંદા એ પડ્યો અભ્યાસ, પછી આવ્યા તે સંતને પાસ ॥૨૪॥
સંતે વાત કરી અતિ સારી, તેતો વાત હૈયામાં ન ધારી ।
પછી સંતને રૂપે શ્રીમુખ, કહ્યાં જમપુરીનાં જે દુઃખ ॥૨૫॥
સુણી તરત થઈ ત્યાં સમાધિ, જઈ દીઠી જમપુરી બાધી ।
ઠામો ઠામથી ઉઠિયા જમ, દેવા લાગ્યા છે માર વિષમ ॥૨૬॥
અતિ મારે બોલે મુખ એમ, પાપી સતસંગીને પીડે કેમ ।
તેનું ફળ સર્વે તને દેશું, તારો મારી મારી જીવ લેશું ॥૨૭॥
એમ દીધો દંડ ઘડી ચાર, પછી આવ્યો સમાધિથી બાર ।
આવી કહી સંત આગે વાત, આજ થઈતી જીવની ઘાત ॥૨૮॥
હવે જ્યાં લગી રહે મારા પ્રાણ, ન કરું સતસંગનાં કુવખાણ ।

ત્યારે સંત કહે સારું ભાઈ, હવે બેસતું સમાધિમાંઈ ॥૨૯॥
પછી બેઠો ધ્યાને શોભારામ, દિઠા હરિ ને હરિનાં ધામ ।
પામ્યા સુખ સમાધિમાં અતિ, જોઈ સ્વામીશ્રીજીની મૂરતિ ॥૩૦॥
રહ્યો પ્રભુ પાસે બહુ વાર, પછી આવ્યો સમાધિથી બાર ।
આવી કહીછે સર્વે વાત, કહે સ્વામી મેં નિરખ્યા સાક્ષાત ॥૩૧॥
આવું ન દીઠું ને ન સાંભળ્યું, અતિ મોટું સુખ મને મળ્યું ।
હું તો પામિયો આનંદ અંગ, કહે ધન્ય ધન્ય સતસંગ ॥૩૨॥
હું તો પામિયો પરચો આજ, મને મળ્યા પ્રકટ મહારાજ ।
વળી બુરાનપુરને માંઈ, રહે દ્વિજ નારાયણજી ત્યાંઈ ॥૩૩॥
તેતો આવ્યોતો ઉદ્યમ કાજ, ગુજરધરમાંહિ દ્વિજરાજ ।
તિયાં મળી ગયો સતસંગ, ધાર્યાં નિયમ સર્વે શુભ અંગ ॥૩૪॥
પછી ગયા થોડા ઘણા દન, આવી અવધિયે ત્યાગિયું તન ।
ત્યારે તેડવા આવ્યા મહારાજ, ગયો બ્રહ્મમોલે દ્વિજરાજ ॥૩૫॥
તેનો સુત હરિરામ એક, હતો ઘરે નાનકડો છેક ।
તેને પણ થયો સતસંગ, થઈ સમાધિ પલટ્યું અંગ ॥૩૬॥
ગયો દેહ તજી બ્રહ્મમોહોલ, તિયાં દિઠું છે સુખ અતોલ ।
દિઠા ત્યાંના સર્વે રહેનાર, દિઠો પોતાનો તાત તેવાર ॥૩૭॥
તાત સુત મળ્યા માંહોમાંઈ, એવું દિઠું છે સમાધિમાંઈ ।
જ્યારે આવ્યો સમાધિથી બાર, એહ વાત કરી છે તે વાર ॥૩૮॥
સતસંગીએ માન્યું તે સત્ય, કહે કુસંગી સર્વે અસત્ય ।
અમે ન માનીએ એવી વાણ, માનીયે જ્યારે મળે એંધાણ ॥૩૯॥
વારુ સમાધિમાંહિ તું જઈ, પૂછિયે વાત તે આવ્ય લઈ ।
તારો તાત ને અમે બે ભાઈ, ગયાતા બીજા ગામડા માંઈ ॥૪૦॥
શિયે કામે ગયાતા ત્યાં શું થયું, કહેજે જઈ મને એ પૂછિયું ।
પછી હરિરામે સમાધિ કરી, ગયો બ્રહ્મમોહોલ માંહિ ફરી ॥૪૧॥
નારાયણજી જે એનો તાત, તેને આગળ્ય જઈ કહી વાત ।
મિત્ર તમારો વ્યંકટરામ, તેનો ભાઈ જ્ઞાનેશ્વર નામ ॥૪૨॥

તેણે પૂછ્યું છે પ્રશ્ન તે એમ, અમે ગ્યાતા બીજે ગામ કેમ ।
ત્યારે નારાયણ કહે તાત, તેની કહું તને સર્વે વાત ॥૪૩॥
ગામ નામે બદલપુર માંઈ, ગ્યાતા પોંક ખાવા સારુ ત્યાંઈ ।
પોંકખાઈ પાછા અમે વળ્યા, ત્યારે વાટમાંહિ ભીલ મળ્યા ॥૪૪॥
તેણે વસ્ત્ર લીધાં સર્વે લુંટી, દેજ્યે એંધાણી એ જઈ મોટી ।
પછી સમાધિથી આવી બાર, કરી વાત એ સર્વે તેવાર ॥૪૫॥
જેજે વીતિ એ ત્રણને વાત, કહી એંધાણી દઈને સાક્ષાત ।
ત્યારે વ્યંકટરામે વિચાર્યું, સત્ય વાત એમ મન ધાર્યું ॥૪૬॥
જ્ઞાનેશ્વર રહ્યો ગમ ખાય, આ વાત કેમ ખોટી કહેવાય ।
સાચા સતસંગી સાચા સંત, સાચા સ્વામી પોતે ભગવંત ॥૪૭॥
એમ કહી સંત પાય નમ્યા, કરજ્યો મહારાજ અમપર ક્ષમા ।
તમારી સર્વે સાચી છે વાત, અમે પામ્યા પરચો સાક્ષાત ॥૪૮॥
એમ બહુબહુ ચમતકાર, થાય બુરાનપુર મોઝાર ।
કહેતાં લખતાં ન આવે અંત, એમ પરચા થાય છે અત્યંત ॥૪૯॥
પળે પળે કરે હરિ સહાય, નિત્ય પ્રત્યે સતસંગમાંય ।
તેણે મગન રહે નરનાર, કહે નિષ્કુળાનંદ નિરધાર ॥૫૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજીમહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસો ને બાવનમું પ્રકરણમ્ ॥૧૫૨॥